UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૧૬, જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૧૨




## ૬૬મા સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી

ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું ઈફકો, કલોલ ખાતે આયોજન



ડાર્કઝોન વિસ્તારમાં નવીન ખેતીવાડી વીજજોડાણ માટેનો ખેડૂત સેમિનાર



અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળા નિમિત્તે વિના વિક્ષેપે વીજ વિતરણ



વર્ષ–૨ અંક–૧૬, જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૧૨
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**

શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**

શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**

શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એસ. એચ. શાહદાદપુરી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. એમ. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**

હિમાંશુ કીકાણી, www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૦૯/૨૦૧૨

# આ અંકમાં

**ઉજવણી**
૬૬માં સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી.............................. ૦૪
**વીજ-પાણી બચત**
Exploring new concept on demand side management in agriculture sector.......................................... ૦૬
**વિશેષ**
શ્રી એસ. આર. પટેલ ઇન્ચાર્જ મુખ્ય ઇજનેરશ્રીનો કારકિર્દી પરિચય.......... ૦૮
સફળતાના સુત્રધાર અને શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગિસ કુરિયને યુજીવીસીએલ પરિવારની ભાવભરી શ્રધ્ધાંજલી........................... ૦૮
મહેસાણા ખાતેના ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર દ્વારા અગ્રિમ કામગીરી...... ૦૮
**સ્પોર્ટ્સ**
ઇન્ટર સર્કલ બ્રિજ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસની ટીમ ચેમ્પિયન........... ૦૯
ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું ઇફકો, કલોલ ખાતે આયોજન.......... ૧૦
મહુડી ખાતે ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ યોજાઈ............................ ૧૨
**પહેલ**
ડાર્કઝોન વિસ્તારમાં નવીન ખેતીવાડી વીજજોડાણ અને સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટેનો ખેડૂત સેમિનાર............................................ ૧૪
ખેતી વીજજોડાણ અંગે ધારાસભ્યશ્રીઓ સાથે સમીક્ષા બેઠક................. ૧૫
જગુદણ અને દેત્રોજ સબડિવિઝનના નવીન સંકુલોનું લોકાર્પણ.............. ૧૫
**પર્વ**
અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળા નિમિત્તે વિના વિક્ષેપે વીજ વિતરણ...... ૧૬
**ગૌરવ**
યુજીવીસીએલ પરિવારનું ગૌરવ........................................... ૧૭
**વાર્તા**
ફરિશ્તો.......................................................... ૧૮
**કાવ્યધારા**
આભાસ.......................................................... ૧૯
ધૂળિયો મારગ.................................................... ૧૯
મારા મધુવનને................................................... ૧૯



**મને એ વાતનો આનંદ છે કે ચોમાસામાં આપ સૌ કર્મચારીઓની કર્તવ્યભાવનાને કારણે આપણે ગ્રાહકોને વિશ્વસનીય અને સલામત વીજપુરવઠો આપવામાં સફળ રહ્યા છીએ. આપ સૌની કામગીરીને હું હૃદયપૂર્વક બિરદાવું છું.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

'આપણું યુજીવીસીએલ'ના આ માધ્યમથી આપ સૌની સાથે જીવંત સંપર્ક કેળવતાં હું અત્યંત આનંદ અનુભવું છું.

લાંબો સમય રાહ જોવડાવ્યા પછી આખરે ગુજરાતમાં ચોમાસું સક્રિય થયું છે. હજી ગયા અંકમાં જ, મેં આપ સૌને ચોમાસા દરમિયાન ગ્રાહકોને વીજ વિતરણ વ્યવસ્થા અન્વયે વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવા અને આપ સૌની સલામતી માટે સજાગ રહેવા અપીલ કરી હતી. મને એ વાતનો આનંદ છે કે આપણા ચોવીસ કલાક અવિરત કાર્યરત એવા કંટ્રોલરૂમ અને તેમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપી રહેલા કંપનીના કર્મચારીઓની કર્તવ્યભાવનાને કારણે આપણે ગ્રાહકોને વિશ્વસનીય અને સલામત વીજપુરવઠો આપવામાં સફળ રહ્યા છીએ. આપ સૌની કામગીરીને હું હૃદયપૂર્વક બિરદાવું છું. હવે વધુ સક્રિય થયેલા ચોમાસાને કારણે આપણે આ કામગીરી હજી પણ એ જ પ્રમાણે ચાલુ રાખવી પડશે તેમ માનું છું.

પ્રજાલક્ષી અભિગમના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ડાર્કઝોન વિસ્તારમાં નવા કૃષિ વિષયક જોડાણ આપવા માટે કરેલ પ્રયત્નોને અનુલક્ષીને આપણી કામગીરી દ્વારા ગ્રાહક તેમ જ સરકારશ્રીને સંતોષ આપવાના પ્રયત્નોમાં સારો દેખાવ કરીશું તેવી આશા રાખું છું.

વધુમાં ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન દ્વારા આપવામાં આવેલ સૂચનાને અનુલક્ષીને ૨ KWથી વધુ લોડ ધરાવતા ગ્રાહકોના કનેક્શન ઉપર ઇ.એલ.સી.બી. સ્વિચ ગ્રાહકો દ્વારા લગાવવામાં આવે તેના અમલ અંગેની કાળજી લેવા અનુરોધ કરું છું.

વીજ સલામતીને ધ્યાનમાં લેતા લેવાયેલ નિર્ણયને આધિન **'અર્થ ટર્મીનલ'** દરેક કનેક્શન ઉપર શક્ય તેટલું ઝડપી લગાવવામાં આવે તેવી અપેક્ષા રાખું છું.

**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૯-૨૦૧૨**

# ૬૬મા સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી






તા. ૧૫-૦૮-૨૦૧૨ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના વરદ્ હસ્તે ૬૬માં સ્વાતંત્રદિનની ઉજવણી નિમિત્તે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી. એન્ડ પી.) શ્રી એસ. આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, અધિક્ષક ઇજનેર, જેટકો, મહેસાણા શ્રી ડી. જે. વ્યાસ, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી કંપનીના ભૂતપૂર્વ અધિકારી, કર્મચારી ભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. કંપનીના સિક્યોરીટી ઇન્સ્પેક્ટર શ્રી વ્યાસની દોરવણી હેઠળ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવને મંચ પર દોરવ્યા બાદ સિક્યોરીટી ગાર્ડ દ્વારા સલામી આપવામાં આવેલ.

૯.૧૫ મિનિટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ધ્વજ ફરકાવવામાં આવેલ તે જ સમયે રાષ્ટ્રગીતના સમૂહગાન સાથે સમગ્ર વાતાવરણના દેશભક્તિનો માહોલ સર્જાયેલ. નાયબ ઇજનેર શ્રી





અજય વખારીયા તથા યુજીવીસીએલ પરિવારના બાળકો દ્વારા દેશભક્તિગીતો ગાઈને ઉપસ્થિત શ્રોતાઓને દેશભક્તિમાં તરબોળ કરેલ.

પ્રાસંગિત પ્રવચનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ કર્મચારીઓને સ્વાતંત્ર દિનની શુભેચ્છા પાઠવેલ અને આઝાદી પ્રાપ્ત કરવા માટે બલિદાન આપનાર શહીદોને યાદ કરી શ્રધ્ધાંજલી આપેલ. આગામી દિવસોમાં કંપનીની પડકારરૂપ કામગીરીને સફળતાથી આગળ ધપાવી સફળ થાય તે માટે પ્રયત્નો કરવા અપીલ કરેલ.

કંપનીના વેલ્ફેર ફંડમાંથી ઉચ્ચગુણાંક સાથે ઉતીર્ણ થયેલ કર્મચારીઓના પરિવારના બાળકો તથા રમતગમતક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર કર્મચારી ભાઈઓ તથા બહેનોનું મેરિટ ઓવર્ડ સ્વરૂપે રોક્કડ પુરસ્કાર તથા સન્માનપત્રો એનાયત કરીને સન્માન કરેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગુજરાત



| મેરિટ એવોર્ડ મેળવનાર બાળકોની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| **નામ અને કર્મચારી સાથેનો સંબંધ** | **કર્મચારીનું નામ અને હોદ્દો** | **કામગીરીનું સ્થળ** | **ટકાવારી** | **ધોરણ** | **મેરિટ એવોર્ડની વિગત** |
| કાનન, સુપુત્ર | શ્રી જી. કે. સંઘવી, નાયબ ઇજનેર | વિસનગર સીટી સબડિવિઝન-૧ | ૮૭.૪૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| હર્ષકુમાર, સુપુત્ર | શ્રી એ. બી. પટેલ, આસી. લાઇનમેન | વિસનગર સીટી સબડિવિઝન-૧ | ૮૭.૮૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| નિલ, સુપુત્ર | શ્રીમતી એન.જી. પટેલ, જુની. આસી. | મહેસાણા સીટી સબડિવિઝન | ૮૫.૬૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| કુશ, સુપુત્ર | શ્રી જે.એસ. પરીખ, સીની. આસી. | પાટણ સીટી સબડિવિઝન-૨ | ૮૫.૦૮ | ૧૨ (એચએસસી) | રૂા. ૨૫૦/- |
| પ્રશંસા, સુપુત્રી | શ્રી વાય.એસ. પંડ્યા, સીની. આસી. | હરીજ સબડિવિઝન | ૯૨.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| અંકુર, સુપુત્ર | શ્રી એચ.એસ. તાબિયાડ, જુની.આસી. (ટાઇપીસ્ટ) | હિંમતનગર સર્કલ ઓફિસ | ૯૩.૮૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| રિચા, સુપુત્રી | શ્રી એન.એ. શાહ, જુની.આસી. | તલોદ સબડિવિઝન | ૮૫.૪૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| મિલિ, સુપુત્રી | શ્રી એમ.જી. પટેલ, નાયબ ઇજનેર | પાટણ સીટી સબડિવિઝન-૧ | ૯૫.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| ફેની, સુપુત્રી | શ્રી બી.એ. પટેલ, મીટર ટેસ્ટર | ગાંધીનગર લેબોરેટરી | ૮૮.૪૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| પ્રિયંક, સુપુત્ર | શ્રી એમ.એ. ત્રિવેદી, નાયબ ઇજનેર | હાઇટેક લેબોરેટરી સાબરમતી | ૯૦.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| પથિક, સુપુત્ર | શ્રી આર.પી. પટેલ, નાયબ ઇજનેર | સાબરમતી સર્કલ ઓફિસ | ૯૩.૪૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| કેતુલ, સુપુત્ર | શ્રી જે.જે. દવે, મીટર ટેસ્ટર | હાઇટેક લેબોરેટરી સાબરમતી | ૮૮.૬૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| પરાગ, સુપુત્ર | શ્રી આર.એલ. સિંધી, જુની.આસી. (ટાઇપીસ્ટ) | કલોલ વિભાગીય કચેરી | ૮૫.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| રિતેષ, સુપુત્ર | શ્રી ટી.બી. બરંડા | પાલનપુર સકર્લ ઓફિસ | ૮૯.૨૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| કેવિન, સુપુત્ર | શ્રી જે.એમ. પંચાલ, હેલ્પર | પાલનપુર સર્કલ ઓફિસ | ૮૫.૪૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| ત્રુનાલકુમાર, સુપુત્ર | શ્રી જે.એસ. પટેલ, નાયબ અધિક્ષક | પાલનપુર વિભાગીય કચેરી-૧ | ૯૧.૪૦ | ૧૨ (એચએસસી) | રૂા. ૨૫૦/- |
| મહંમદ જૈદ, સુપુત્ર | શ્રી વાય.આઈ. શેખ કાર્યપાલક ઇજનેર | રાધનપુર વિભાગીય કચેરી | ૯૧.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| જૈમીન, સુપુત્ર | શ્રી આર.એ. વદેચા, જુની.આસી. | ઊંઝા ટાઉન સબડિવિઝન | ૯૧.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| કિંજલ, સુપુત્રી | શ્રી જે.ડી. અસારી, જુની.આસી. | ડિસા ટાઉન સબડિવિઝન | ૮૫.૮૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| રાજકમલ, સુપુત્ર | શ્રી જી.એમ. સોલંકી, હેલ્પર | દિયોદર સબડિવિઝન-૧ | ૮૭.૮૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| ક્રિમલ, સુપુત્ર | શ્રી એસ.વી. પટેલ, લાઇનમેન | દિયોદર સબડિવિઝન-૧ | ૯૧.૦૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |
| વિવેક, સુપુત્ર | શ્રી એન.એમ. જોષી, કંપની સેક્રેટરી | આર. એન્ડ સી. ઓફિસ | ૮૭.૬૦ | ૧૦ (ન્યુએસએસસી) | રૂા. ૨૫૦/- |

| રમતગમતક્ષેત્ર ઉત્કૃષ્ટ દેખાવ બદલ સન્માનિત કર્મચારીઓની યાદી | | |
|---|---|---|
| **કર્મચારીનું નામ અને હોદ્દો** | **કામગીરીનું સ્થળ** | **સન્માનની વિગતો** |
| શ્રીમતી ડી.જે. રાવલ, સીની.આસી. | ગાંધીનગર ડિવિઝન | AIESCB બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી તથા ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટમાં રર્નઅપ |
| શ્રીમતી ડી.યુ. શાહ, સીની.આસી. | ગાંધીનગર ડિવિઝન | AIESCB ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રીએચ.આર. નાયક, હેલ્પર | જગુદણ સબડિવિઝન | AIESCB ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રીમતી સી.એચ. મોદી, સીની.આસી. | પાલનપુર ડિવિઝન | AIESCB ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી |
| શ્રીમતી એસ.એ. પટેલ, જુની. ઇજનેર | સલાલ સબડિવિઝન | AIESCB બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી |

એનર્જી નોલેજ સેન્ટર ખાતે સન્માનિત બાળકો તેમજ વર્તમાન તથા ભૂતપૂર્વ અધિકારીઓ સાથે અલ્પઆહાર લઈને કંપનીની કામગીરી અંગેના વિચારોનું આદાનપ્રદાન કરેલ. અમગ્ર કાર્યક્રમનું ઉદ્દઘોષણ શ્રી અજય વખારીયા, નાયબ ઇજનેર દ્વારા કરવામાં આવેલ. શ્રી એસ. વાય. ડામોર ઔદ્યોગિક સંબંધિત અધિકારી તથા આઈ. આર. વિભાગની ટીમ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન હાથ ધરવામાં આવેલ. ■

# Exploring new concept on demand side management in agriculture sector

Conservation and efficient usage of energy is very critical for India. The pumping of ground water to irrigate crops is an energyintensive operation throughout the agricultural sector, as of 30-40% of India's power consumption being used for irrigation. Depleting ground water resource and increasing energy use for irrigation is concerning farmers in state of India. A major contribution may to come from savings through better demand management and efficient use of energy.

The uniqueness of the Company lies in the fact that its consumer base mainly comprises of farmers that account for more than 50% of total electricity consumption. UGVCL serves more than 2.31 lakh Agriculture consumers, having a total load of more than 3600 MW.

### Regrouping of Agriculture feeders

Mangement of peak load demand is an important task for any distribution company in India. UGVCL carried out the balancing of the agriculture load in the service area by periodic regrouping of Ag feeders to reduce the peak load by considering certain important parameters as below

- Each agriculture feeders group has an average load of 60 MW
- Each sub-station should be balance loaded round the clock
- Load of each sub-station should be equally distributed on each phase.
- Total load should be balanced by changing the time schedule of africulture feeder groups.
- Time schedule for agriculture feeder groups where changed as and when require to flatten the load curve of UGVCL with respect to GUVNL load.
- This has resulted in reducing the band of Maximum and Minimum MW from 800 MW as on December-2006 to 370 MW.




### Study Area – Mehsana, North Gujarat

UGVCL's Registered and Corporate Office situated at Mehsana is already facing a major challenge arising out of depleting and deteriorating natural resources. Energy use is more than three to five times the national average on a per unit hectare basis, water tables have already decline from 40 meters to 140 meters in the last 30 years. At present one Hectare irrigated land needs around 10,000 Kwh per year, future declines could result in even higher energy use for extracting groundwater from greater depths. Gross income from farming activity lies around Rs. 50,000 per Ha per year. Net income of farmer without electricity subsidy is nearby Rs. 25,000 per Ha per year. This reflects the total Cost of input exceeds incomes in North Gujarat.

### Efforts made for Demad Side Management

A feeder separation exercise was carried out and Agriculture feeder and Jyotigram feeders were separated to supply 24 hours electricity to villages and 8 hour power supply to agriculture consumers. In its quest for finding innovative solutions that save energy, UGVCL has been working closely with Columbia Water Center India (CIPT) since 2008 in Kukarwada, Mehsana. The objective here is to enhance awareness amongst agriculture consumers, design and implement innovative incentive driven energy-water saving strategies. The innovation thereby refers to "Designing and implementation of a novel revenue neutral Energy-Water Savings Scheme that incentivizes efficient groundwater/energy use by ensuring that farmers are the direct



beneficiaries of the incentive". The basic premise of the innovation is reduction in energy use through appropriate energy-water saving interventions, which would help stabilize or reverse the declining groundwater tables and thereby, stabilize energy use, utility balances and farmer incomes.

### Incentivebased Pilot Scheme


During the pre-initiation phases, the utility consumers (Farmers) were made aware of the proposed scheme and the implementation mechanism. Consumer, who expressed their willingness to participate in the incentive scheme and agreed to install a tamper proof meter in their premises for taking readings on their energy usage, were allowed to participate in the scheme. Then based on 3-years feederlevel electricity consumption data of the pilot area, baseline units were calculated from the Connected load and total numbers of hours of electricity usage. Based on the analysis of data from energy meters and MRIs, the total energy saved by the participating farmers, an incentive was calculated. The incentive was equivalent to the reduction in 'flat tariff' bill by "incentive" amount (based on units of energy saved against baseline/ entitlement). In other words, no cash transfer took place to the farmers (customer) and incentive (equivalent to energy units saved) was offset against the flat tariff bill per HP per month.

### Methodology of Incentive Scheme

Considering an agriculture consumer having a 10 HP water pump having flat rate tariff is billed Rs. 8075 per year. The baseline in KWh per year comes out as 15000 KWh (0.75X10X2000). The effective tariff is about Rs. 0.50 per KWh If the energy consumption in a year is 12000 KWh instead of 15000 KWh. The incentive provided to consumer at the rate of Rs. 2.55 per Kwh saved comes to Rs. 8000 and no cash transfer took place to the farmers (customer) and incentive (equivalent to energy units saved) was offset against the flat tariff bill per HP per month.

### Result of Pilot Project

A total of 800 farmers were surveyed in scheme and 85% of farmers consented to participate and agreed to get meter installed on their electric connection. The amount of incentive capped once the consumption is reduced to 80% of the baseline units of respective consumer. Capping of an amount equivalent to annual chargeable HP based flat tariff bill was considered for the incentive scheme and not beyond. However, the energy saved by the famers is more than capping the amount of energy. Therefore, based on a revenue neutral model, such a scheme places a marginal profit on reduced energy and water use and incentivizes farmers towards more efficient resource use.




Based on the analysis of data from energy meters and MRIs, the total energy saved by the participating farmers who received the incentive compared to their entitlements, comes out to be 1.117 million kWh during the first year of pilot implementation of the project.

### Administrative Challenges

It is difficult to change the mindset of farmers to convert from unmetered electricity consumption (Flat rate tariff) to metered electricity consumption. Also, a pump/borewell was utilized by group of farmers in pilot study area, which creates competitive hurdles for farmers to save the energy and share the incentive among group.

### Lessons Learnt

85% Farmers were highly cooperative and agree to participate in the scheme and to be metered. There were no instances of meter tampering or misconduct. Farmers were eager to find inexpensive ways to save energy and water, but required active help from Government to do so.

### Future

From the findings of the pilot project, it is clear that farmers can play a role in Demand Side Management by efficient usage of energy with same irrigation output. The innovation has a potential of facilitating a policy change where an incentive can enhance adoption of resource saving strategies ensuring stability in incomes and livelihoods of farmers in India. Measurement of energy or metere tariff leads to conservation of energy and brings operational efficiency. ■

# શ્રી એસ. આર. પટેલ ઈન્ચાર્જ મુખ્ય ઈજનેરશ્રીનો કારકિર્દી પરિચય



ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી. એન્ડ પી.) તરીકે શ્રી એસ. આર. પટેલે તા. ૨૦-૭-૨૦૧૨ના રોજ પોતાનો કાર્યભાર સંભાળેલ છે. તેઓ શ્રી એ. સી. પટેલના અનુગામી બનેલ છે. તા. ૦૬-૦૮-૧૯૭૯થી અગાઉના ગુજરાત વિદ્યુતબોર્ડમાં ભુજખાતેથી જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર શ્રી પટેલે અંજાર ખાતે પણ પોતાની ફરજ બજાવેલ. તા. ૦૨-૭-૧૯૮૦ના રોજ મહેસાણા વિભાગીય કચેરી ખાતે બદલી મળવ્યા બાદ તા. ૧૨-૦૧-૧૯૮૭ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી પ્રાપ્ત કરી વડોદરા ખાતે એસ. પી. ડીપોર્ટમેન્ટમાં કાર્યભાર સંભાળેલ. ૧૦ વર્ષ સુધી એસ.પી. ડિપાર્ટમેન્ટનો બહોળો અનુભવ પ્રાપ્ત કર્યા બાદ તેઓની બદલી તા. ૧૨-૦૬-૧૯૯૭ના રોજ મહેસાણા વિભાગીય કચેરી ખાતે થયેલ. ત્યારબાદ તેઓની બદલી કલોલ વિભાગીય કચેરીના તાબા હેઠળની ગાંધીનગર પેટા વિભાગીય કચેરીમાં તા. ૧૮-૦૨-૧૯૮૫માં થયેલ. તા. ૨૭-૧૧-૧૯૯૮ના રોજ સાબરમતી ખાતે બદલી મેળવેલ. તા. ૧૪-૧૨-૨૦૦૫ના રોજ કંપનીકરણ બાદ કોર્પોરેટ ઓફિસ ખાતે શરૂ કરવામાં આવેલ પરચેઇઝ ડિપાર્ટમેન્ટમાં ઈન્ચાર્જ એક્ઝિક્યુટિવ એન્જિનીયર તરીકે પાયાની કામગીરી હાથ ધરેલ. તા. ૧૩-૦૫-૨૦૦૬ના રોજ એક્ઝિક્યુટિવ એન્જિનીયર તરીકે કોર્પોરેટ ઓફિસમાં જ બઢતી પ્રાપ્ત કરેલ. ત્યારબાદ તા. ૦૨-૧૨-૨૦૦૮ના રોજ મુખ્ય કાર્યપાલક અધિકારી અને અધિક્ષક ઈજનેર તરીકે હિંમતનગર ખાતે બઢતી મળવેલ અને તા. ૨૮-૦૭-૨૦૧૧ના રોજ વિશેષ મુખ્ય ઈજનેર (પી. એન્ડ પી.) તરીકે બઢતી મળવેલ.

આમ શ્રી પટેલ વીજ વિતરણ ક્ષેત્રે તેમ જ પરચેઇઝ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. એક બહોશ અને કાર્યદક્ષ અધિકારી તરીકેના તેમના માર્ગદર્શન હેઠળ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ઉત્તરોત્તર પ્રગતિનાં શિખરો સર કરે તેવી યુજીવીસીએલ પરિવાર તરફથી શુભેચ્છા સાથે હાર્દિક અભિનંદન. ■

## સફળતાના સુત્રધાર અને શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. વર્ગિસ કુરિયનને યુજીવીસીએલ પરિવારની ભાવભરી શ્રદ્ધાંજલી



ડો. વર્ગિસ કુરિયનું તા. ૦૯-૦૯-૨૦૧૨ના રોજ અવસાન થયેલ છે. ડો. વર્ગિસ કુરિયન ડેરી ઉદ્યોગના પ્રણેતા હોવાના લીધે ''મિલ્ક મેન ઓફ ઈન્ડિયા'' તરીકે જાણીતા હતા. તેઓશ્રીને સફળ કામગીરી માટે ૧૯૬૩માં રેમન મેગ્સેસે, ૧૯૬૫માં પદ્મશ્રી, ૧૯૬૬માં પદ્મભૂષણ, ૧૯૮૬ કૃષિરત્ન અને વોટલરપીસ પ્રાઇઝ, ૧૯૮૯માં વર્લ્ડ ફુડ પ્રાઇઝ, ૧૯૯૩માં ઈન્ટરનેશનલ પર્સન ઓફ ધ ઈયર અને ૧૯૯૯માં પદ્મવિભૂષણ એવોર્ડ્ઝથી સન્માનિત કરવામાં આવેલ.

આપણા માટે ગૌરવની વાત એ છે કે, ડો. વર્ગિસ કુરિયન કે જેઓએ અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડ (જીઇબી)ના ચેરમેન તરીકે તા. ૦૧-૦૫-૧૯૬૬થી તા. ૩૦-૦૯-૧૯૬૬ સુધી સેવા આપેલ. શ્રી કુરિયને સમગ્ર ગુજરાતમાં વીજવિતરણ, વીજઉત્પાદન અને વીજપ્રવાહનની કામગીરી સયુક્તરીતે સંભાળનાર ગુજરાત વિદ્યુતબોર્ડના સર્વચ્ચપદે ટૂંકા ગાળા માટે બજાવેલ મહત્ત્વની ફરજો માટે યાદ કરતા ઉત્તર ગુજરાત વીજ કંપનીનો પરિવાર ઘેરા શોક સાથે આઘાતની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થનો આત્મા ચિરશાંતી અનુભવે તેવી પરમકૃપાળુ પરમાત્માને યુજીવીસીએલ પરિવાર તરફથી પ્રાર્થના કરવામાં આવે છે. ■

## મહેસાણા ખાતેના ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર દ્વારા અગ્રિમ કામગીરી

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સાત કંપનીઓના કર્મચારીઓને વિવિધ વિષયો ઉપર તાલિમબદ્ધ કરવા માટે નિયમિત આપવામાં આવતી તાલિમ માટે વાર્ષિક લક્ષ્યાંક નક્કી કરેલ છે તે પ્રમાણે દરેક કર્મચારીને ચાર દિવસની ટ્રેનિંગ એક વર્ષમાં આપવી તે મુજબ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટરની સાત કંપનીઓમાં સૌથી વધુ લક્ષ્યાંક ઉત્તર ગુજરાત વીજ કંપની મહેસાણા દ્વારા કુલ ૭૭૮૪ **મેઈનડેઝ**નો લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આવેલ છે. જે બીજી તમામ કંપનીઓ કરતાં વધુ અને અગ્રેસર છે.

જે માટે મહેસાણા ગુજરાત એનર્જી ઓલેજ સેન્ટરના નાયબ ઈજનેરશ્રી એમ. એ. રંગરેજ દ્વારા ખૂબ જ ઊંડો રસ દાખવી સૌથી વધુ લક્ષ્યાંક હાંસલ કરેલ છે. જે અંગે હાલની તારીખ ૩૦-૮-૧૨ની ગ્રેત્રીખાતે મળેલ મિટિંગમાં ડાયરેક્ટરશ્રી બી. આઈ. ત્રિવેદી દ્વારા પ્રસંશા કરવામાં આવેલ જે ઉત્તર ગુજરાત વીજ કંપની માટે ગૌરવની વાત છે. જ્યારથી તેમણે ચાર્જ સંભાળ્યો છે ત્યારથી કર્મચારીઓને વિવિધ તાલીમ આપવામાં આવે છે અને જે તે કંપનીના કામમાં તથા વર્તનમાં અસર જોવા મળે છે. સદર નોલેજ સેન્ટરએ કંપનીના અકસ્માત નિવારણની પણ સચોટ તાલીમલાઇન સ્ટાફને ૧૦૦ ટકા મળી રહે તેવી તકેદારી રાખેલ છે અને તેના પરીણામે લાઈનસ્ટાફમાં પણ જાગૃતી જોવા મળેલ છે. ટ્રેનિગ સેન્ટરની કામગીરી અને લક્ષાંકો સિદ્ધ કરવામાં સહાયક તરીકે શ્રી કિર્તીસિંહ એચ. મકવાણા જુની.આસી. અને શ્રી એચ.બી. પુજારા લાઇન ઈન્સ્પેક્ટર ફરજ બજાવી રહેલ છે. ■

# ઈન્ટર સર્કલ બ્રિજ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસની ટીમ ચેમ્પિયન

## ઈન્ટર કંપની બ્રિજ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલે રનર્સઅપ ટ્રોફી જીતી







| ચેમ્પિયન થયેલ કોર્પોરેટ ઓફિસની ટીમના સભ્યો | | |
|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો |
| ૧. | શ્રી એ. પી. પટેલ | આસિસ્ટન્ટ પર્સોનલ ઓફિસર |
| ૨. | શ્રી કે. એસ. સિંઘી | નાઈબ ઈજનેર |
| ૩. | શ્રી જે. એસ. પ્રજાપતિ | જુનિયર આસિસ્ટન્ટ |
| ૪. | શ્રી વિરેન્દ્ર એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ |

| રનર્સ અપ થયેલ સાબરમતી સર્કલની ટીમના સભ્યો | | |
|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો |
| ૧. | શ્રી એમ. બી. સાક્યા | જુનિયર ઈજનેર (સિવિલ) |
| ૨. | શ્રી પી. ડી. ગોહેલ | નાયબ અધિક્ષક (હિસાબ) |
| ૩. | શ્રી બી. જી. પટેલ | અધિક્ષક (હિસાબ) |
| ૪. | શ્રી પી. ડી. ભંડારી | જુનિયર આસિસ્ટન્ટ |

| ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ |
| ૧. | શ્રી એ. પી. પટેલ | આસી.પી.ઓ. | કોર્પોરેટ ઓફિસ |
| ૨. | શ્રી કે. એસ. સિંઘી | નાયબ ઈજનેર | કોર્પોરેટ ઓફિસ |
| ૩. | શ્રી એ. કે. પટેલ | ટ્રેસર | સર્કલ ઓફિસ, મહેસાણા |
| ૪. | શ્રી એમ. પી. સાક્ય | જુનિયર ઈજનેર (સિવિલ) | સર્કલ ઓફિસ, સાબરમતી |
| ૫. | શ્રી સી. બી. જોશી | નાયબ ઈજનેર | સિધ્ધપુર વિભાગીય કચેરી |
| ૬. | શ્રી આર. એમ. મોઢ | નાયબ ઈજનેર | સિધ્ધપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |

હિંમતનગર વર્તુળ કચેરી ખાતેના ટ્રેનિંગ સેન્ટરના હોલમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાતમી ઈન્ટર સર્કલ બ્રિજ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૩-૬-૨૦૧૨ના દિવસે હિંમતનગર વર્તુળ કચેરીના યજમાનપદે કરવામાં આવેલ.

ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના હિંમતનગર, મહેસાણા કોર્પોરેટ અને પાલનપુર, સાબરમતી અને મહેસાણા સર્કલના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની ફાઈનલ કોર્પોરેટ ઓફિસ અને સાબરમતી સર્કલ વચ્ચે રમાયેલ, જેમાં કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન બનેલ જ્યારે સાબરમતી સર્કલ રનર્સઅપ થયેલ. ચેસ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન ઉપરાંત બ્રિજની ચેમ્પિયનશીપ પણ કોર્પોરેટ ઓફિસના ફાળે આવેલ છે. દર વર્ષ કરતાં વધુ સંખ્યામાં કર્મચારીઓએ ખેલાડી તરીકે ભાગ લીધેલ.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં અધિક્ષક ઈજનેરવતી હિંમતનગર વિભાગીય કચેરીના નાયબ ઈજનેર શ્રી ટી. વી. ધોરાજિયાએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી ધોરાજીયાએ કંપની દ્વારા કર્મચારીઓ માટે કરવામાં આવી રહેલ રીક્રિએશન પ્રવૃત્તિની નોંધ લઈ ટુર્નામેન્ટમાં પધારેલ કર્મચારીઓનું સ્વાગત કર્યું હતું. તેઓએ ટુર્નામેન્ટ ફાળવવા બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર માન્યો હતો.

**તા. ૦૧-૦૯-૨૦૧૨થી તા. ૦૩-૦૯-૨૦૧૨ દરમિયાન અમરેલી સર્કલ જેટકોના યજમાનપદે સોમનાથ ખાતે યોજાયેલ સાતમી ઈન્ટર કંપની ટુર્નામેન્ટમાં જીસેકની ટીમ ચેમ્પિયન બનેલ છે. જ્યારે યુજીવીસીએલની ટીમ રનર્સઅપ બનેલ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવે વિજેતા ટ્રોફી સ્વીકારીને ખેલાડીઓને અભિનંદન પાઠવેલ છે.**

હાજર મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કર્યા બાદ દીપ પ્રાગટ્ય કરીને ટુર્નામેન્ટને ખુલ્લી મૂકવામાં આવી હતી.

સમાપન સમારંભમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને ટી-શર્ટથી સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવામાં હિંમતનગર સ્પોર્ટ્સ કમિટીના સભ્યો શ્રી કુંપાવત, શ્રી જે. કે. પરમાર, શ્રી પી. બી. જોશી, શ્રી નીતિનભાઈ પટેલ તથા શ્રી એચ. એમ. રાવલે મહેનત કરેલ. રેફ્રી તરીકે ભૂતપૂર્વ અધિકારી શ્રી કે. એમ. પટેલે ફરજ બજાવી કંપની દ્વારા આપવામાં આવેલ પુરસ્કાર કંપનીમાં જમા કરવા માટે આગ્રહ રાખેલ. તેમના દ્વારા ટુર્નામેન્ટનું સુંદર સંચાલન કરવામાં આવે. ખેલાડીઓની પસંદગી પણ તેઓશ્રી દ્વારા કરવામાં આવેલ. ■















# ઈન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટનું ઈફકો, કલોલ ખાતે આયોજન

તાજેતરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણાના યજમાનપદે વર્ષ ૨૦૧૨-૧૩ની સાતમી ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાઈ ગઈ. આ ટુર્નામેન્ટ કલોલ ખાતે ઈફકોની કસ્તુરીનગર ટાઉનશીપમાં તા. ૫ અને ૬ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ યોજાઈ હતી. ટુર્નામેન્ટના અંતે એઆઇઇએસસીબી માટેના સ્પર્ધકોની પસંદગી પણ કરવામાં આવી હતી.











**બેડમિન્ટન ટુર્નામેન્ટ પુરૂષ વિજેતાઓ**

| ક્રમ | નામ | હોદ્દો | કંપની | સ્ટેટસ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી વી. ડી. ગોહિલ | આસી. લાઇનમેન | પીજીવીસીએલ | સિંગલસ ચેમ્પિયન |
| ૨. | શ્રી એસ.એસ. મિશ્રા | ફાયર ઓફિસર | જીયુવીએનએલ | સિંગલસ રનરઅપ |
| ૩. | શ્રી એસ.બી.ખયાલિયા<br>શ્રી એસ.એસ. મિશ્રા | એક્ઝિ. ડિરેક્ટર (હાલમાં મેનેજિંગ ડિરેક્ટર, એમજીવીસીએલ) અને<br>ફાયર ઓફિસર | જીયુવીએનએલ | ડબલ્સ ચેમ્પિયન |
| ૪. | શ્રી કે.સી. પટેલ<br>શ્રી વિનોદ કુરંગિયા | જુનિયર એન્જિનીયર<br>ડેપ્યુટી એન્જિનીયર | જીએસઈસીએલ | ડબલ્સ રનરઅપ |

**બેડમિન્ટન ટુર્નામેન્ટ મહિલા વિજેતા**

| ક્રમ | નામ | હોદ્દો | કંપની | સ્ટેટસ |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી એ.એમ. મોઢવાડિયા | ડે. એન્જિનીયર | પીજીવીસીએલ | સિંગલસ ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી દિનાબહેન રાવલ | સિનિ. આસિ. | યુજીવીસીએલ | સિંગલસ રનર અપ |
| ૩. | શ્રીમતી એ.એમ. મોઢવાડિયા<br>શ્રીમતી વી.એ. ત્રિવેદી | ડે. એન્જિનીયર<br>જુનિ. આસિ. | પીજીવીસીએલ | ડબલ્સ ચેમ્પિયન |
| ૪. | શ્રીમતી એસ.એસ. શાહ<br>શ્રીમતી એમ.એમ.પરમાર | ડે. એન્જિનીયર<br>જુનિ. આસિ. | એમજીવીસીએલ | ડબલ્સ રનર અપ |

| ઓલ ઈન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની બેડમિટન ટુર્નામેન્ટના પસંદગી પામેલ પુરૂષ ખેલાડીઓ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ | કંપની | નોંધ |
| ૧. | શ્રીમતી વી.ડી. ગોહિલ | આસી. લાઇનમેન | ભાવનગર | પીજીવીસીએલ | સિંગલસ ચેમ્પિયન |
| ૨. | શ્રી એસ.એસ. મિશ્રા | ફાયર ઓફિસર | વડોદરા | જીયુવીએનએલ | સિંગલસ રનરઅપ |
| ૩. | શ્રી એમ.જે. પંડ્યા | ડેપ્યુટી એન્જિનીયર | ચોરણીયા એસ.ઓ. | જીઈટીસીઓ | પ્લેયર |
| ૪. | શ્રી કે.સી. પટેલ | જુની.એન્જિનીયર | ઉકાઈ | જીએસઈસીએલ | પ્લેયર |
| ૫. | શ્રી કે.સી. ચૌહાણ | ડેપ્યુટી એન્જિનીયર | જામનગર (આર) સબડિવિઝન | પીજીવીસીએલ | પ્લેયર |
| ૬. | શ્રી વી.જે. કુરંગિયા | ડેપ્યુટી એન્જિનીયર | ગાંધીનગર ટીપીએસ | જીએસઈસીએલ | સ્ટેડ બાય |
| ૭. | શ્રી એસ.આર.દેશપાંડે | જુની. આસિ. | જીએસઈસીએલ આર એન્ડ સી ઓફિસ | જીએસઈસીએલ | સ્ટેડ બાય |

| ઓલ ઈન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની બેડમિટન ટુર્નામેન્ટના પસંદગી પામેલ મહિલા ખેલાડીઓ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કાર્યસ્થળ | કંપની | નોંધ |
| ૧. | શ્રીમતી એ.એમ. મોઢવાડિયા | ડેપ્યુટી એન્જિનીયર | જૂનાગઢ | પીજીવીસીએલ | સિંગલસ ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી ડી.જે. રાવલ | સીની. આસી. | ગાંધીનગર | યુજીવીસીએલ | સિંગલસ રનરઅપ |
| ૩. | શ્રીમતી શિલ્પાબહેન પટેલ | સીની. આસી. | સલાલ | યુજીવીસીએલ | પ્લેયર |
| ૪. | ડો. શેફાલી પરીખ | ડોક્ટર | વણાકબોરી ટીપીએસ | જીએસઇસીએલ | પ્લેયર |
| ૫. | શ્રીમતી વી. એ. ત્રિવેદી | જુની. આસી. | ભાવનગર, કાળિયાબીડ સબડિવિઝન | પીજીવીસીએલ | સ્ટેન્ડ બાય |
| ૬. | શ્રીમતી સી. યુ. પટેલ | જુની. સ્ટેનો | રજિસ્ટ્ર એન્ડ કોર્પોરેટ ઓફિસ | જેટકો | સ્ટેન્ડ બાય |

યુજીવીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું અને સ્પર્ધકોને પ્રોત્સાહન આપ્યું હતું. આ પ્રસંગે એમજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એસ. બી. ખયાલિયા, યુજીવીસીએલના સીઇ (ઓપ.) શ્રી ડી. સી. પરમાન તથા ઇફકોના સિનિયર જનરલ મેનેજર શ્રી સમશેરસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સાતેય વીજકંપનીના ખેલાડીઓએ આ ટુર્નામેન્ટમાં ઉત્સાહભેર ભાગ લઈને તેને સફળ બનાવી હતી. ૩૫ પુરુષો અને ૨૪ મહિલાઓ સહિત કુલ ૫૯ ખેલાડીઓ હતા. ટુર્નામેન્ટના સમાપનમાં શ્રી એન. શ્રીવાસ્તવાના તથા શ્રી એસ.બી. ખયાલિયાના હસ્તે વિજેતાઓને ટ્રોફીનું વિતરણ થયું હતું. ટુર્નામેન્ટના સમાપન પછીના દિવસે એઆઇઇએસસીબી માટેના સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી હતી. ચીફ રેફરી શ્રી એચ. બી. સાવલિયાએ આ પસંદગીમાં પ્રમુખ ભૂમિકા ભજવી હતી.

વિજેતાઓને હાર્દિક અભિનંદન! ■
















# મહુડી ખાતે ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ યોજાઈ

વર્ષ ૨૦૧૨-૧૩ માટેની સાતમી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન તા. ૨૧ અને ૨૨ જુલાઈ ૨૦૧૨ના રોજ મહેસાણા સર્કલ ઓફિસના યજમાનપદે મહુડી ખાતે આયોજન કરવામાં આવેલ.

ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન મહેસાણા સર્કલ ઓફિસના અધિક્ષક ઈજનેર શ્રી ડી. એસ. પટેલના વરદ હસ્તે કાર્યપાલક ઈજનેર વિજાપુર શ્રી પી. કે. પટેલની હાજરીમાં કરવામાં આવેલ. પોતાના પ્રસંગિક પ્રવચનમાં શ્રી પટેલે ઉપસ્થિત તમામ ખેલાડીભાઈઓ તથા બહેનોનું સ્વાગત કરેલ અને કેરમ ટુર્નામેન્ટ સસ્પોર્ટમેન સ્પિરીટના વાતાવરણમાં રમી સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સહયોગ આપવા અપિલ કરેલ.

આ ટુર્નામેન્ટમાં ચાર સર્કલ ઓફિસ અને રજિસ્ટર્ડ કોર્પોરેટ ઓફિસના કુલ ૪૫ ખેલાડીઓએ ઉમંગથી ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં આગામી વર્ષમાં નિવૃત્ત થઈ રહેલ અને પોતાની છેલ્લી ટુર્નામેન્ટ રમી રહેલ શ્રી હર્ષદ દવે અને તેમના ધર્મપત્ની શ્રી કે.એચ. દવેનું સાત ઓઢાડીને વિશેષ બહુમાન કરવામાં આવેલ. જેને ઉપસ્થિત ખેલાડીઓએ હર્ષભેર તાળીઓના ગળગળાટથી વધાવી લીધેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં વિજેતા ખેલાડીભાઈઓ તથા બહેનોને ટ્રોફિ તથા ટી-શર્ટ આપીને શ્રી કે.ડી. દરજી નાયબ ઈજનેરે ઉત્સાહ વધારેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી દરજીએ ટુર્નામેન્ટ ફાળવવા બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર માનેલ અને રમત-ગમતક્ષેત્રે આઈ.આર. વિભાગના અભિગમની પ્રસંશા કરેલ અને ભવિષ્યમાં પણ













| ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટના મહિલા વિજેતાઓ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કામનુ સ્થળ | રિમાર્ક |
| ૧. | શ્રીમતી કે.એચ. દવે | સીની.આસી. | બોપલ સબડિવિઝન | સિંગલ્સ ચેમ્પિયન |
| ૨. | શ્રમતી એચ.એ. ચાવડા | પટાવાળા | પાલનપુર સીટી સબડિવિઝન | સિંગલ્સ રનરઅપ |
| ૩. | શ્રીમતી એચ.એ. ચાવડા | પટાવાળા | પાલનપુર સીટી સબડિવિઝન | ડબલ્સ ચેમ્પિયન |
| | શ્રીમતી એ.એ. ગુપ્તા | જુની.આસી. | પાલનપુર વિભાગીય કચેરી-૧ | |
| ૪. | શ્રીમતી સી.એચ. મોદી | સીની.આસી. | પાલનપુર વિભાગીય કચેરી-૧ | ડબલ્સ રનરઅપ |
| | કુ. ટી.બી. મોઢ | જુની.આસી. | સિધ્ધપુર રૂરલ સબડિવિઝન | |

| ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટના પુરૂષ વિજેતાઓ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કામનુ સ્થળ | રિમાર્ક |
| ૧. | શ્રી જી.એસ. વોરો | સીની.આસી. | થરાદ સબડિવિઝન | સિંગલ્સ ચેમ્પિયન |
| ૨. | શ્રી એચ.આર. દવે | જુની.આસી. (ટાઈપીસ્ટ) | બોપલ વિભાગીય કચેરી | સિંગલ્સ રનરઅપ |
| ૩. | શ્રી એચ.આર. દવે | જુની.આસી. (ટાઈપીસ્ટ) | બોપલ વિભાગીય કચેરી | ડબલ્સ ચેમ્પિયન |
| | શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનોગ્રાફર | સાબરમતી સર્કલ ઓફિસ | |
| ૪. | શ્રી એમ.એમ. સૈયદ | સીની.આસી. | પાલનપુર રૂરલ સબડિવિઝન | ડબલ્સ રનરઅપ |
| | શ્રી સી.એમ. દેસાઈ | સીની.આસી. | પાલનપુર વિભાગીય કચેરી-૧ | |

| ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પુરૂષોની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કંપની |
| ૧. | શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | થરાદ સબડિવિઝન |
| ૨. | શ્રી એચ.આર. દવે | જુનિયર આસિસ્ટન્ટ (ટી) | બોપલ ડી.ઓ. |
| ૩. | શ્રી એમ.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર રૂરલ સબડિવિઝન |
| ૪. | શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનો | સાબરમતી સર્કલ ઓફિસ |
| ૫. | શ્રી આર.એમ. મહેતા | જુનિયર આસિસ્ટન્ટ | ઈડર સબડિવિઝન |
| ૬. | શ્રી એ.પી. પટેલ | એ.પી.ઓ. | આર.ઓ. મહેસાણા |
| સ્ટેન્બાય પ્લેયર | | | |
| ૧. | શ્રી જે.એમ. રોય | સિનિયર આસિસ્ટન્ટ | આર.ઓ. મહેસાણા |
| ૨. | શ્રી ઝેડ. ઝેડ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર રૂરલ એસડીએન |

| ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે મહિલાની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કંપની |
| ૧. | શ્રીમતી કે.એચ. દવે | સીની.આસી. | બોપલ સબડિવિઝન |
| ૨. | શ્રીમતી એચ.એ. ચાવડા | પટાવાળા | પાલનપુર સીટી સબડિવિઝન |
| ૩. | પી.કે. પરમાર | જુની.આસી. | તલોદ ડિવિઝન |
| ૪. | શ્રીમતી સી.એચ. મોદી | સીની.આસી. | પાલનપુર ડીઓ-૧ |
| સ્ટેટબાય મહિલા પ્લેયર | | | |
| ૧. | કુ. ટી.બી. મોઢ | જુની.આસી. | સિદ્ધપુર રૂરલ સબડિવિઝન |
| ૨. | એમ.પી. ભટ્ટ | સીની.આસી. | આર.ઓ. મહેસાણા |

મહેસાણા સર્કલને ટુર્નામેન્ટો ફાળવવા માટે અનુરોધ કરેલ. ટુર્નામેન્ટનાં ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંબોધન શ્રી શૈલેશ નાયક સ્પોર્ટ સેક્રેટરી દ્વારા કરવામાં આવ્યું. તેમજ મહેસાણા સર્કલના સ્પોટ્ર્સ કમિટી દ્વારા ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું. ■







# ડાર્કઝોન વિસ્તારમાં નવીન ખેતીવાડી વીજજોડાણ અને સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટેનો ખેડૂત સેમિનાર



ખેડૂતલક્ષી અભિગમના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ડાર્કઝોન વિસ્તારમાં ચોક્કસ ધારાધોરણને અનુલક્ષીને નવા વીજ જોડાણ આપવાનો નિર્ણય લીધો છે. જેને અનુલક્ષીને ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ખેડૂતો સાથેના સંપર્ક કાર્યક્રમના માધ્યમ દ્વારા આવા જોડાણો મેળવવા માટે શું કરવું? તેની માહિતી આપવા માટે ડાર્કઝોન વિસ્તારોમાં વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહેલ છે.

ડાર્કઝોન વિસ્તારમાં વર્ષ ૧૯૯૦થી ૨૦૦૩ સુધીમાં નોંધાયેલ અરજદારોને નવીન ખેતી વિષયક વીજજોડાણ સૂક્ષ્મ પદ્ધતિ સાથે ઝડપી આપવા માટે વર્તુળકચેરી, મહેસાણા દ્વારા આયોજન હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત મહેસાણા વર્તુળકચેરીના કાર્યક્ષેત્રમાં કુલ ૩૩૩૮ અરજીઓની નોંધણી થયેલ હતી. જે તમામ અરજીઓનું સ્થળ મોજણીની કામગીરી માહે જૂન-૨૦૧૨માં પૂર્ણ કરવામાં આવેલ. જેમાંથી ૧૪૦૩ અરજદારોના સ્થળ પર બોર/કુવા હયાત હતા.

અરજદારો પાસેથી માગેલા નવીન દસ્તાવેજ તેમ જ સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટેના માગણીપત્રક ભરવા અંગેની કામગીરીમાં વિલંબ જણાતાં કોર્પોરેટ કચેરીની સૂચના અનુસાર ખેડૂત સભાઓ કરવાનું આયોજન તા. ૧૪-૮-૨૦૧૨, સતલાસણા અને ખેરાલુ, તા. ૧૭-૮-૨૦૧૨, વિસનગર,





તા. ૨૧-૮-૨૦૧૨ પાટણ અને જંગરાલ ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રી વાસ્તવના પ્રમુખસ્થાને મુખ્ય ઇજનેર શ્રી ડી. સી પરમાર તેમ જ વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી. એસ. પટેલની હાજરીમાં હાથ ધરવામાં આવેલ.

આ પ્રસંગે અધિક્ષક ઇજનેર (આર. ઈ.) શ્રી જે. એમ. મોચી, શ્રી એમ. કે. રાઠોડ અધિક્ષક ઇજનેર મહેસાણા તેમ જ સ્થાનિક વર્તુળ કચેરી વિભાગીય કચેરી અને સંલગ્ન પેટા વિભાગીય કચેરીના અધિકારીશ્રીઓ ઉપરાંત મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજર રહીને કંપનીના અભિગમને સકારાત્મક પ્રતિસાદ આપેલ હતો.

તમામ કિસાન સભાઓમાં ખેડૂતોને વીજજોડાણ સૂક્ષ્મણ પિયત પદ્ધતિ સાથે મેળવવા માટે અરજીથી શરૂ કરી વીજજોડાણ ચાલુ થાય ત્યાં સુધીની કાર્યવાહી અંગેની ઊંડી સમજ વર્તુળ કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા આપવામાં આવેલ.

સૂક્ષ્મ પિયત પદ્ધતિ અંગે ગુજરાત ગ્રીન રેવોલ્યૂશનરી કંપની (જીજીઆરસી)ના પ્રતિનિધિ દ્વારા ખેડૂતોને વિવિધ પદ્ધતિ જેવી કે ફુવારા, ટપક મીની ફુવારા વગેરેના ખર્ચ અને ફાયદા અંગેની સમજ આપવામાં આવેલ.

ત્યારબાદ ખેડૂતોને તેમની મુંઝવણો રજૂ કરવાની તક આપવામાં આવેલ, જેમાં ખેડૂતોએ તેમના જુદા જુદા પ્રશ્નો અને સૂચનો રજૂ કરેલ. કંપનીના અધિકારીશ્રીઓ દ્વારા વિસ્તૃત છણાવટ કરી સ્થળ પર સંતોષકારક જવાબો આપેલ. આ કિસાનસભાઓમાં જીજીઆરસીના વિવિધ સપ્લાયરોએ હાજર રહીને તેમનું નામ, કોન્ટેક્ટ નંબર, સરનામું વગેરે ખેડૂતોને પૂરાં પાડેલ.

કંપનીના મુખ્ય ઇજનેર શ્રી ડી. સી. પરમારે સૂક્ષ્મ પિયત પદ્ધતિ દ્વારા પાણી અને વીજળીની બચત અંગેની સમજ આપી હતી અને ઝડપથી કંપની દ્વારા વીજજોડાણ આપવાની ખાત્રી આપવામાં આવેલ.

મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ખેડૂતોમાં વિશ્વાસ ઊભો થાય તે માટે ખાત્રી આપતા જણાવેલ કે, ખેડૂતોને વીજ કંપની દ્વારા ઇરાદાપત્રક આપેલ છે અને ઝડપી વીજજોડાણ આપવા માટે કંપની પાસે પૂરતા પ્રમાણમાં માલ-સામાન પણ ઉપલબ્ધ છે. તેઓએ ખેડૂતો તરફથી પૂરતો સહકાર મળી રહે તે માટે અનુરોધ કરેલ. ઝડપી વીડજોડાણ ચાલુ થાય તે અંગેની સમજ ખેડૂતોને આપેલ. છતાં પણ આ અંગે ખેડૂતોને કોઈ પણ પ્રશ્ન હોય તો વીજ કંપનીના કોઈ પણ અધિકારીને ગમે ત્યારે મળી તેમની રજૂઆત કરી શકશે અને તેનો હકારાત્મક નિકાલ કરવામાં આવશે તેવી ખાત્રી આપેલ.

કાર્યક્રમના અંતમાં મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેરશ્રી એમ. કે. રાઠોડે મોટી સંખ્યામાં ખેડૂતોને ઉપસ્થિત રહેવા અંગે તેમ જ સહકાર આપવા અંગે આભાર વ્યક્ત કરેલ. ■

# ખેતી વીજજોડાણ અંગે ધારાસભ્યશ્રીઓ સાથે સમીક્ષા બેઠક

તા. ૨૨/૮/૨૦૧૨ બુધવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે યુજીવીસીએલ, રજી. કચેરી, કોન્ફરન્સ હોલ, મહેસાણા ખાતે ધારાસભ્યોશ્રી સાથેની ડાર્કઝોન વિસ્તારમાં ખેતીવાડી વીજજોડાણ આપવાની સમીક્ષા બેઠક થયેલ. આ બેઠક ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજીઓ પૈકીના અરજદારોને વધુમાં વધુ ઝડપથી ખેતીવાડી વીજજોડાણ મળી રહે અને યોજના પરિણામલક્ષી બની રહે તે હેતુથી આયાજિત કરવામાં આવેલ હતી.

આ બેઠક મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની અધ્યક્ષતા હેઠળ શરૂ કરવામાં આવેલ, જેમના દ્વારા તમામ ધારાસભ્યશ્રીઓનું શાબ્દીક સ્વાગત કરી આવકારવામાં આવેલ. ત્યારબાદ બેઠકમાં હાજર રહેલ તમામ ધારાસભ્યશ્રી અને અધિકારીશ્રીએ પોતાનો પરિચય આપેલ. આ બેઠકમાં તમામ ધારાસભ્યશ્રીઓને સંલગ્ન મત વિસ્તારમાં નોંધાયેલ ખેતીવિષયક અરજીઓની ગામવાર, અરજદારોના નામ સાથેની આંકડાકીય માહિતી પૂરી પાડવામાં આવેલ.

બેઠકમાં નીચે જણાવેલ ધારાસભ્યોશ્રી તથા કંપનીના અધિકારીશ્રીઓ હાજર રહેલ

| યુજીવીસીએલના અધિકારીશ્રીઓનું નામ અને હોદ્દો | ધારાસભ્યશ્રીનું નામ અને મત વિસ્તાર |
|---|---|
| શ્રી એન. શ્રીવાસ્તવ, મેનેજિંગ ડિરેક્ટર યુજીવીસીએલ | શ્રી અનિલભાઈ ટી. પટેલ, મહેસાણા |
| શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન) | શ્રી ભરતસિંહ ડાભી, ખેરાલ |
| શ્રી ડી. એસ. પટેલ, વિશેષ મુખ્ય ઇજનેર (પી.એન્ડપી.) | શ્રી ઋષિકેશ પટેલ, વિસનગર |
| શ્રી જે. એમ. મોચી, અધિક્ષક ઇજનેર (આર. ઈ.) | શ્રી કાન્તિભાઈ પટેલ, વિજાપુર |
| શ્રી એમ. કે.રાઠોડ, અધિક્ષક ઇજનેર, મહેસાણા | શ્રી જોધાજી ઠાકોર, વાગડોદ |



માનનીય અધ્યક્ષશ્રી દ્વારા ડાર્કઝોન વિસ્તારમાં વર્ષ ૧૯૯૦થી ૨૦૦૩ સુધીમાં નોંધાયેલ ખેતીવિષયક વીજજોડાણ આપવા અંગેની દરેક કામગીરીની વિસ્તારથી છણાવટ કરેલ. મહેસાણા વર્તુળકચેરી હેઠળ કુલ ૩૩૩૮ અરજીઓ નોંધાયેલ, તે તમામની સ્થળ મોજણી એક માસના ટૂંકા ગાળામાં પૂર્ણ કરેલ. જેમાંથી ૧૩૮૨ના કુવા/બોર હયાત છે તે પૈકી ૯૬૨ અરજદારોએ જરૂરી દસ્તાવેજ પૂરા પાડેલ છે. જે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની, વડોદરાને સૂક્ષ્મ પિયત પધ્ધતિ માટે મોકલેલ છે. જેમાંથી કુલ ૧૬૫ અરજદારોએ જીજીઆરસી સાથે કરાર કરેલ છે. ■

## જગુદણ અને દેત્રોજ સબડિવિઝનના નવીન સંકુલોનું લોકાર્પણ

તાજેતરમાં મહેસાણા તેમ જ કડીના જગુદણ અને દેત્રોજ પેટા વિભાગીય કચેરી ખાતે નવીન સંકુલોનું ઉદ્‌ઘાટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું.

તા. ૨૦-૦૯-૧૨ તેમ જ ૨૧-૦૯-૧૨ના રોજે યુજીવીસીએલની ઉપરોક્ત બે કર્મચારીનાં નવીન સંકુલનું ઉદ્‌ઘાટન ક્રમશઃ કરવામાં આવ્યું. માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ પોતાના પ્રારંભિક પ્રવચનમાં જણાવેલ કે, કંપની દ્વારા કર્મચારીઓની તેમ જ ગ્રાહકોની સુખાકારી અને સવલત માટે અદ્યતન સગવડો સાથેના કચેરી સંકુલ એ પાયાની જરૂરિયાત છે અને કંપની મહદઅંશે પોતાના સંકુલમાં કચેરીઓના નાવીન્યપૂર્ણ મકાનો દ્વારા માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તત્પર છે.

આ સંકુલો થકી કર્મચારીઓની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે તેવી તેમણે શ્રદ્ધા વ્યક્ત કરી હતી. વિશેષમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ જણાવ્યું કે, આવાં સંકુલો સ્થાનિક બાળકોમાં પ્રેરણારૂપ બની રહેશે અને તેમનાં હૃદયમાં આવી કચેરીમાં નિયુક્ત થઈ કામગીરી બજાવવાની મહેચ્છા પ્રજ્વલિત થશે. જે થકી સ્થાનિક લોકો અને ગ્રાહકોની સેવા માટે સ્થાનિક અધિકારીઓની નિયુક્તિ આશીર્વાદરૂપ બની રહેશે.

માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના પ્રવચનને ગામલોકોએ તાળીઓ અને હર્ષનાદથી વધાવી લીધેલ. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં મુખ્ય ઇજનેર શ્રી ડી. સી. પરમારે પણ કર્મચારીઓ અને ગ્રાહકોની વધુ બહેતર સેવા અંગે શ્રદ્ધા અને વિશ્વાસ વ્યક્ત કર્યા હતાં. નવા સંકુલોનોના લોકાર્પણ સમારોહમાં મુખ્ય ઇજનેર (પી. એન્ડ પી) શ્રી એસ. આર. પટેલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ) આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી એન. એમ. જોષી ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટનને અંતે ધાર્મિક અનુષ્ઠાન કરવામાં આવેલ. ઉપસ્થિત કર્મચારીઓ,








આમંત્રિત મહેમાનો અને ઉપસ્થિત આગેવાનોનું અભિવાદન કરવામાં આવેલ. ■

# અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળા નિમિત્તે વીના વિક્ષેપે વીજ વિતરણ

તા. ૩૦-૦૯-૨૦૧૨ના રોજ અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂનમના મેળા નિમિત્તે તેમજ નવરાત્રિના ૧૫ દિવસ દરમિયાન આશરે ૨૫-૩૦ લાખ યાત્રાળુઓ મુલાકાત લે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ, આઇએફએસના માર્ગદર્શન હેઠળ તેમ જ કંપનીના મુખ્ય ઇજનેર શ્રી ડી. સી. પરમારના નેતૃત્વ હેઠળ આ આયોજન કરવામાં આવેલ.



દર વર્ષની જેમ ભાદરવી પૂનમ નિમિત્તે પાલનપુર સર્કલ દ્વારા વીજ વિતરણની કામગીરીમાં વિક્ષેપ ન થાય તે માટે મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ અધિક્ષક ઇજનેર શ્રી એમ. બી. જાકાસણીયા, કાર્યપાલક ઇજનેર શ્રી સી. એસ. પટેલ તથા અંબાજીના નાયબ ઇજનેર શ્રી વી.એસ. કટારા તથા તેમની ટીમ દ્વારા મહત્ત્વની કામગીરી હાથ ધરવા માટે એક્શનપ્લાન કલેક્ટરશ્રી બનાસકાંઠા સમક્ષ રજૂ કરવામાં આવેલ. સમગ્ર કામગીરીમાં અધિક્ષક ઇજનેરથી માંડી હેલ્પર સુધીના કુલ ૫૯ કર્મચારીઓને વિવિધ કામગીરી સોંપવામાં આવેલ. અંબાજી ટેમ્પલ, ટાઉન, ઉમિયા અને ગબ્બર ફિડર ઉપરથી વીજ પુરવઠો પુરો પાડવામાં આવેલ. ૧૮.૫ કિ.મી. ભૂર્ગભ કેબલથી ૩૮ જેટલા ટ્રાન્ફોરમર તથા ઓવરહેડ લાઇનમાં (૫૦) ટ્રાન્ફોરમર સેન્ટર દ્વારા વીજ પુરવઠો પુરો પાડવામાં આવેલ. સંદેશા વ્યવહારની તકલીફ ન પડે તે માટે કુલ (સાત)ની સંખ્યામાં બીએસએલએનના નેટર્વકમાં હંગામી જોડાણો આપવામાં આવેલ. તેમ જ કામગીરીને સંલગ્ન કર્મચારીઓને વોડાફોનના મોબાઇલ નેટર્વકથી સંપર્કમાં રાખવામાં આવેલ.

સુદઢ વીજ વિતરણ વ્યવસ્થાના ભાગરૂપે સતત વીજ પુરવઠો મળી રહે તે માટે અંબાજી પહોંચવાના તમામ રસ્તાઓ, જેવા કે મહેસાણા-પાલનપુર, ખેરાલુ-વિસનગર અને હિમતનગર-ખેડબ્રહ્માના રસ્તે ચાલતા પદયાત્રીઓને નાહવાધોવાની અગવડ ના પડે તે માટે રસ્તા ઉપરના ફીડરોમાંથી એગ્રિકલ્ચરનાં તમામ વીજ જોડાણોને જરૂરિયાત મુજબ વીજ પુરવઠો મળી રહે તે માટે તેમ જ અંબાજી મુકામે પહોંચતી અને પસાર થતી તમામ વીજ લાઇનોમાં ક્યાંય વીજ વિક્ષેપ ઊભો ના થાય અને જો ઊભો થાય તો તરત જ તેનું નિવારણ થઈ જાય તે માટેનું આયોજન કરવામાં આવેલ.

કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આગોતરું આયોજન ભાદરવી પૂનમના ૧૫ દિવસ અગાઉથી જ કરવામાં આવેલ છે. આ બાબતનું સતત મોનિટરિંગ ઉચ્ચ કક્ષાએથી થઈ રહેલ છે. ઉચ્ચ અધિકારીઓથી લઈને નાનામાં નાના હેલ્પર અને લાઈનમેન સુધીના કર્મચારીઓને સતત ૨૪ કલાકના મોનિટરિંગ માટે અગાઉથી જ ગોઠવી દેવામાં આવેલ.

વીજ પુરવઠાના મોનિટરિંગ માટે અંબાજી આજુબાજુના વિસ્તારમાં જરૂરિયાત મુજબના કંટ્રોલ પોઇન્ટ ખોલવામાં આવેલ છે અને દરેક કંટ્રોલ પોઇન્ટ ઉપર કર્મચારીઓને કામગીરી સોંપી દેવામાં આવેલ.

કંપની દ્વારા વીજ પુરવઠો સતત પહોંચાડવાના કારણે પદયાત્રીઓને રસ્તામાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મળતી સેવાઓ, જેવી કે ભોજન, પાણી, રાત્રી નિવાસ, ગરમ પાણી અંગે સંપૂર્ણ વ્યવસ્થા જળવાઈ રહે તેમ જ સતત વીજ પુરવઠો પૂરો પડવાને લીધે અંબાજી ખાતે દર્શનના લાભથી લઈને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, આરોગ્ય, સલામતી, પાણીપુરવઠો વગેરે જેવી સેવાઓ જળવાઈ રહે તે માટે આયોજન કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને અગત્યની સૂચનાઓ પાઠવવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની કામગીરીની સફળતાને અનુલક્ષીને પદયાત્રીઓને વીજ લાઇનના થાંભલાઓના સંપર્કમાં રેહવાનું ટાળવા જણાવવામાં આવલે. વીજ લાઇનોના તૂટેલા તારને કોઈ પણ સંજોગોમાં અડવું નહિ અને જો આકસ્મિતરીતે વાયર રસ્તામાં તૂટેલો જણાય તો, તેમ જ વીજવિક્ષપની મુશ્કેલીના નિવારણ માટે તાત્કાલિક નજીકની કચેરીએ અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫ પર જાણ કરવા વિનંતી કરવામાં આવેલ, જેથી અકસ્માત નિવારી શકાય.

રેડીયો દ્વારા 94.3 My F.M. પર તા. ૨૧-૦૯-૨૦૧૨થી ૩૦-૦૯-૨૦૧૨ દરમિયાન વીજ સલામતી અંગે પદયાત્રીઓને સાવચેતી રાખવા માટે અનુરોધ કરવામાં આવેલ.

વધુ વીજ ભાર લઈને પસાર થતી વીજ લાઈનો નીચે વાહનો ઊભા રાખવા નહિ, તેમ જ વધુ ઊંચાઈના વાહનો વીજ લાઈનો નીચેથી સાવચેતી પૂર્વક પસાર કરવામાં આવે તેવી ખાસ કાળજી લેવા જણાવેલ.

પદયાત્રીઓના સંઘ દ્વારા લઈ જવામાં આવતી ધજાના દંડીકા ઊંચાઈએ વીજ તારને અડકે નહિ તે રીતે લઈ જવા ખાસ કાળજી રાખવા વિનંતી કરવામાં આવેલ.

વીજ લાઈનો નીચે અથવા તેના થાંભલાઓ કે તાણીયા સાથે હંગામી નિવાસ/તંબુ/મંડપ ન બાંધવા અંગે સૂચના આપેલ. વીજ લાઈનો ઉપરથી ગેરકાયદેસર વીજ પ્રવાહ લેવો નહિ. આવું કાર્ય અકસ્માત નોતરે છે તેમ પણ જણાવેલ.

વીજ વિતરણની કામગીરી સુદઢ રીતે થાય તે માટે મદદરૂપ થવા માટે હાર્દિક અપીલ કરવામાં આવેલ. ■

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. તૃણાલ**
૯૧.૪૦ ટકા (એચએસસી)
**વાલી :** શ્રી જે. એસ. પટેલ
ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ (એકા.)
પાલનપુર-ડિવિઝન ઓફિસ-૧



**ચિ. વત્સલ**
૯૨.૨ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી દિનેશકુમાર પટેલ
ડે. એન્જિનીયર, કડી સબડિવિઝન



**ચિ. મોહમ્મદ જૈદ**
૯૧ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી વાય. આઈ શેખ,
કાર્યપાલક ઈજનેર, રાધનપુર ડિવિઝન



**ચિ. ક્રિમલ**
૯૧ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી એસ. વી. પટેલ
લાઈનમેન, દિયોદર-૧ સબડિવિઝન



**ચિ. રીતેશ**
૮૯.૨૦ (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી ટી. બી. બરંડા,
સિનિ. આસિ., પાલનપુર



**ચિ. રાજકમલ**
૮૭.૮૦ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી જી. એમ. સોલંકી
હેલ્પર, દિયોદર-૧ સબડિવિઝન



**ચિ. કિંજલ**
૮૫.૮૦ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી જે. ડી. અસારી
જુનિયર આસિસ્ટન્ટ (ટાઇપિસ્ટ),
સિટી સબડિવિઝન, ડીસા



**ચિ. હરસિદ્ધ**
૮૧.૮૦ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રીમતી નયનાબેન ડી. ભટ્ટ
સિનિ. આસિ. સર્કલ ઓફિસ,
મહેસાણા



**ચિ. સ્મિત**
૬૮ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી કમલેશકુમાર પુરોહિત
જુનિ. આસિ., પાલનપુર,
વિભાગીય કચેરી



**કુ. રેખા**
૬૨.૬ ટકા (ન્યુ એસએસસી)
**વાલી :** શ્રી એ. ડી. બારિયા
લાઇનમેન, દાંતીવાડા સબડિવિઝન



**ચિ. જયમિન**
૧૦માંથી ૭.૮૭ પાઇન્ટર (ઇ-કોમ્પ્યુટર
ઇન્જિનીયર સેમિસ્ટર-૧)
**વાલી :** આશાબહેન ખાલપાડા
નાયબ ઇજનેર વિભાગીય કચેરી, બોપલ



**કુ. ધ્રુવા**
૯૧ ટકા (ધો-૧૧, બે સેમે.ના સરેરાશ ટકા)
**વાલી :** શ્રી પિયુષભાઈ હાલાણી,
ડે. એન્જિ., સીજીઆરએફ, સાબરમતી



**કુ. ભૈરવી હાલાણી**
દ્વિતિય ક્રમે (ધો-૬)
**વાલી :** શ્રી પિયુષભાઈ હાલાણી,
ડે. એન્જિ., સીજીઆરએફ, સાબરમતી



નીલ પટેલે ૧૧ વર્ષની વયે જ ક્રિકેટ રમવાનું ચાલુ કરી દીધું હતું. ફ્રેન્ડ્ઝ સ્પોર્ટ્સ ક્લબમાં તેણે બે વર્ષની ટ્રેનિંગ લીધી. તેની અન્ડર ૧૩માં પસંદગી થઇ અને ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ટીમ દ્વારા વડોદરામાં મેચ રમ્યો. બીજા વર્ષે અન્ડર ૧૪માં પસંદગી મેળવી એમડીસીએ ટીમ સાથે વડોદરામાં રમ્યો. આ છ મેચોમાં તેણે ૨૯૦ રન બનાવ્યા અને ૧૫ વિકેટ લીધી. આ સિદ્ધિ મેળવ્યા પછી તેને રાજ્ય સ્તરની મુંબઇમાં રમાનાર મેચ માટે પસંદ કરવામાં આવ્યો, આખા જિલ્લામાં તે એકલો જ પસંદ થયો હતો. ત્યાર પછી અન્ડર ૧૬માં વાઇસ કેપ્ટન અને વિકેટ કીપર તરીકે પસંદગી પામ્યો. એ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટમાં ૨૧૦ રન બનાવ્યા જે આખા વડોદરામાં સેકન્ડ હાઇએસ્ટ રન હતા. ત્યાર પછી બરોડા ટુર્નામેન્ટના આમંત્રણથી ફરીવાર રમવા ગયો ત્યાં ૧૫૦ રન બનાવ્યા અને વાઇસ કેપ્ટનની હેસિયતથી બીસીસીઆઇ સ્તરની મેચ રમવાની તક મળી જેમાં ૧૧૦ રન કર્યા. આવા ઉત્કૃષ્ટ પરફોર્મન્સ પછી અન્ડર ૧૯માં પસંદગી પામી રાજ્ય સ્તરની મેચમાં રમવાની તક મળી.



# ફરિશ્તો

**પોતાના કામમાં સતત વ્યસ્ત રહેનાર વ્યક્તિ તેના પરિવાર માટે કંઇ પણ કરી છૂટવાના પ્રયત્નો કરતો હોય છે. તેમાંય જો સંતાનો ભણતાં હોય ત્યારે તેમનું ખાસ ધ્યાન રાખવું જરૂરી હોય છે. સંતાનોની પરીક્ષાના સમયે જ લાઇટ કપાઈ જાય તો આખા વર્ષનું નુકસાન થાય છે.**

ટેલીફોનની ઘંટડી રણકી. પટેલ સાહેબે તરત જ રીસીવર ઉઠાવ્યું અને બોલ્યા હેલો!...

ટેલીફોનની એક જ ઘંટડીએ તરત જ રીસીવર ઉઠાવવાની ટેવ, બીજી ઘંટડી તો ભાગ્યે જ થાય.

કોણ બોલો છો... ભાઇ...

અધિકારી તરીકેનો કોઇ જ ઘમંડ નહીં, ખુબ જ સાલસ અને નમ્ર સ્વભાવ પ્રમાણિકતા અને ઇમાનદારી પણ એવાં જ. સામેથી અવાજ આવ્યો, 'સાહેબ મારૂં લાઇટનું કનેક્શન કાપવા માટે આપના ખાતાના માણસો આવ્યા છે. આજે શનિવાર છે. જો મારૂં લાઇટ કનેક્શન કપાય તો સોમવાર સુધી ચાલુ નહીં થઇ શકે, બેંકો પણ બંધ થઇ ગયેલ છે. બેંકમાં પૈસા તો છે પણ આજ અને કાલ બે દિવસ સુધી મળી શકે તેમ નથી. મારાં બે બાળકો ભણે છે. બંનેની પરીક્ષા ચાલે છે. લાઇટ બંધ થાય તો તેમનો અભ્યાસ બગડે.'

'હા પણ હું આપને શું મદદ કરી શકું?'

'સાહેબ, મારાં બાળકોનો અભ્યાસ ન બગડે અને પરીક્ષા ન બગડે તે માટે લાઇટ કનેક્શન બે દિવસ સુધી ન કાપે તેવી સૂચના આપના માણસોને આપો તો આપનો ખૂબ જ ઉપકાર.'

'આવી સૂચના નિયમ વિરૂદ્ધ હું ન આપી શકું.'

'સાહેબ, આ મારા બાળકોનો ભવિષ્યનો સવાલ છે.' સાહેબ ગંભીર થયા, મનોમન વિચાર્યુ અને બોલ્યા, 'તમે મારે ત્યાં આવી જાવ.' ફોન પર સરનામુ મેળવી ફોન કરનાર ભાઇ સીધા સાહેબના ઘેર પહોંચી ગયા.

તેમના મનમાં ગડમથલ ચાલતી હતી કે સાહેબ ઠપકો આપશે, ખખડાવશે કે બિલ કેમ ન ભર્યુ? ધ્યાન કેમ રાખતા નથી? તમારા બિલનું અમારે ધ્યાન રાખવાનું? પૈસા માટે તમારે આગોતરી વ્યવસ્થા કરવી જોઇએ... વગેરે વગેરે... વિચારો મનોમંથનમાં ઉતરી રહ્યાં હતાં.

આટલું વિચારતાં તો પટેલ સાહેબનું ઘર આવી ગયું. તેમણે ડોરબેલ વગાડ્યો. સાહેબ બહાર આવ્યા. તેમને સોફા પર બેસાડ્યા, પાણી પાયું અને પૂછ્યું, 'તમારું કેટલા રૂપિયાનું બિલ છે?' આવનાર ભાઇ તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા અને સાહેબની સામે જોતાં રહ્યાં, નામ સરનામાની કોઇ પૂછપરછ નહીં, કોઇ ધમકી નહીં કોઇ ચેતવણી નહીં અને સીધી બિલની જ વાત કરી. આવનારે જવાબ આપ્યો, 'એક હજાર ચારસો બેતાલીસ રૂપિયા, સાહેબ...' સાહેબે પાકીટ ખોલ્યું અને પાંચસો પાંચસોની ત્રણ નોટો ગણતાં ગણતાં બોલતા રહ્યા, પમારા માણસોને હું લાઇટ કનેક્શન ન કાપવાની નિયમ વિરૂદ્ધ સૂચના ન આપી શકું નહીં પરંતુ આ પૈસાથી આપનું બિલ હાલ જ ભરી દો, તમારી લાઇટ કપાશે નહીં અને તમારી અનુકૂળતાએ પૈસા પાછા આપી જજો. આવનાર તો દિગમૂઢ થઇ પૈસા હાથમાં લીધા પરંતુ આંખ તો પેલા માનવ, અધિકારી કે દેવતા પરથી ખસતી નહોતી અને આંખોમાં હર્ષના, કૃતજ્ઞતાના તોરણ લટક્યાં, મનમાં વિચારોના વમળ ઉમટ્યાં કે ન ઓળખાણ ન પીછાણ, ન લખાપટ્ટી ન સરનામું લીધું, ન બિલ જોયું કે ન નામ પૂછ્યું અને આટલી મોટી રકમ હાથમાં મૂકી...

તે સીધો બોર્ડની ઓફિસે ગયો અને બિલ ભર્યુ, કનેક્શન કાપવા આવનાર ભાઇઓને પાવતી બતાવી, લાઇટ કાપ્યા વગર તેઓ ચાલ્યા ગયા, બાળકો ભણતાં રહ્યાં.

પટેલ સાહેબને તેમના પત્ની અને દીકરીએ ખાસ્સું લેક્ચર આપ્યું, 'તમે તો સાવ ભોળા છો, આવા તો કેટલાય લોકો હોય અને તેઓ કંઇ આપણા માટે લાઇટ લેતાં હોય છે! તેમના બાળકોને આપણા માટે ભણાવે છે! અને વળી આપણે પણ નોકરી જ કરીએ છીએ કંઇ ધર્માદા ખાતું તો ખોલ્યું નથી ને! કોઇ ઓળખાણ-પીછાણ વગર પૈસા આપી દીધા. એ પૈસા આપવા નહીં આવે તો શું કરશો? ક્યાં શોધવા જશો?'

પટેલ સાહેબ શાંત રહ્યા, કહ્યું, 'તમારી વાત તો સાચી છે, પરંતુ તેના બાળકોની પરીક્ષાની વાત સાંભળીને મારું હૃદય પીગળી ગયું અને મેં મારી આત્માનો અવાજ સાંભળીને માનવતાને આધારે આ કામ કર્યુ છે.'

દુનિયામાં વિશ્વાસ જેવી કોઇ વસ્તુ છે કે નહીં? ધારોકે આપણે આ સ્થિતિમાં હોઇએ અને આવનાર ભાઇ અધિકારી હોય તો એવા સંજોગોમાં તેની પાસેથી આપણે શી આશા રાખી હોય?

સગાં સંબંધી બધું કામ કરે પરંતુ જેની સાથે લોહીના સંબંધ ન હોય અને તેમની સાથે કોઇ ઓળખાણ પણ ન હોય એવા લોકો મદદ કરે તો તેને વિરલા જ કહેવાય. કહે છે ને 'સિંહના ટોળાં ન હોય.'

આ વાતમાં પણ કંઇક આવું જ થયું. પટેલ

સાહેબને વિશ્વાસ હતો કે તેમના રૂપિયા આવી જશે, અને કદાચ નહીં પણ આવે તો તેમની સ્થિતિ એટલી ખરાબ નથી કે ધરતીકંપ સર્જાય. પરંતુ જોવાની વાત એ છે કે પેલા ભાઇના ઘરમાં વીજળીનો પ્રકાશ ઝળહળતો થયો અને આ બાજુ પટેલ સાહેબના આત્માનો પ્રકાશ પણ તેમની સારપ ફેલાવતો રહ્યો. પટેલ સાહેબ મા ગાયત્રીના ઉપાસક હતા. આજે તેઓ ખુબ પ્રસન્ન હતા. તેમને પૂજા કરતી વખતે મા ગાયત્રીનો ફોટો રોજ કરતાં વધારે પ્રસન્ન અને પ્રકાશિત લાગતો હતો.

બે દિવસ પસાર થતાં કેટલી વાર! સોમવાર આવ્યો. સાહેબ ઓફિસે પહોંચી ગયા. આ બાજુ પેલા ભાઇ સોમવારે સવારે ૧૧ વાગ્યાની રાહ જોતા હતા કે ક્યારે બેંક જાઉં અને રૂપિયા કાઢીને પટેલ સાહેબને પહોંચાડું. તેઓ જ્યારે સાહેબને ઘેર પહોંચ્યાં ત્યારે બપોરનો એક વાગ્યો હતો. બપોરના સમયે સાહેબ ઘરમાં નહોતા. તેમના પત્નીએ દરવાજો ખોલ્યો.

'કોનું કામ છે ભાઇ?'

'સાહેબ છે?'

'સાહેબ તો ઓફિસમાં હશે!'

'કંઇ વાંધો નહીં, શનિવારે સાહેબે મને પંદરસો રૂપિયા આપ્યા હતા તે પાછા આપવા આવ્યો હતો. બહેન, સાહેબ તો માણસ નહીં પરંતુ આ ધરતીના ફરિશ્તા છે. તેમનો આભાર માનવા મારી પાસે શબ્દો નથી.' આટલું બોલતાં તો તેની આંખો ફરીથી ભીની થઇ ગઇ.

આ અજાણ્યા ભાઇને જોઇને બહેનની આંખો પણ ભીની થઇ ગઇ અને તેમની પર શંકા કરવા બદલ પોતાની જાતને મનોમન ઠપકો આપવા લાગ્યાં.

સાહેબની બેબીએ તરત જ ઓફિસમાં ફોન કર્યો કહ્યું, 'હેલો પપ્પા, પેલા ભાઇ આવીને પંદરસો રૂપિયા આપી ગયા છે. તમારો આભાર માનતા હતા અને કહેતા હતા કે તેમની પાસે આભાર માનવા માટે શબ્દો ખૂટી ગયા છે. વળી કહ્યું સાહેબ તો ધરતી પરના ફરિશ્તા છે. પપ્પા, અમે તમને ઓળખી ન શક્યા, અમને માફ કરશોને?'

**શ્રી બી. એમ. પરમાર,**

*નિવૃત્ત સહાયક સચિવ* ■

# કાવ્યધારા

### આભાસ

એક દિ હું જતો બસસ્ટેન્ડ ભણી,
સીધી નજરે, દૂર દિસંતી બસ એક ઊભી.
વગર વિચાર્યે દોડ્યો હું નત મસ્તકે,
પણ, અનાયાસ ઊભા રહી જોયું જ્યાં.
એ નહીં બસ, પણ મંદિરની લીલછાયી દીવાલ.
ઘડીક હસી વિચાર્યું, આ કેવળ આભાસ.
જે શું નહીં દોડાવતો-પજવતો સર્વ ક્રિયાએ?

### ધૂળિયો મારગ

ધૂળિયે મારગ ઊભેલા
વિશાળ વટવૃક્ષના પીળા પર્ણે
નિઃશ્વાસ નાખ્યો.
પચાલો ખરી પડીએ,
આ ધૂળિયા મારગની રેત પર
છવાઇ જાય ડામરની કાલિમા તે પહેલાં
છૂટકો નથી ને ભાઇ
ઘા કુહાડીના નથી સંભળાતા
નીચે ઘડે અફળાતા.

### મારા મધુવનને

મારા મધુવનને મેંદીની વાડ નથી
પાનખર કે છે વસંત છે ઝૂંડે ઝૂંડ.
વૃક્ષાવલિ ને વેલાવેલી છોડ ને પુષ્પ.
પ્રકૃતિનું એ ગાન, પ્રભુનું સંગીત.
ઈશ્વરનો આવિષ્કાર છે
દિલમાં અંકિત,
અહીં છે ગુલાબનો છોડ
મને ગમે છે.
ચાહે કાંટા હશે
પણ ખુશ્બૂ અમૂલ છે,
પર્ણે પર્ણે ને હર પુષ્પની વૃદ્ધિ હો.
એ છોડનો મુસ્કાન કાયમ બની રહો,
રંગરૂપને સોડમ પ્રસરતી રહે.
માલિક નથી, બાગવાન હું પણ,
મારા મધુવનને મેંદીની વાડ નથી.

**ઘનશ્યામ પટેલ,** કાર્યપાલક ઇજનેર, સાબરમતી, વિભાગીય કચેરી

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ








**કરશો નહીં, મારું તમારું...**
**વીજ સુરક્ષાનું કામ છે સૌનું સહિયારુ...**

**વીજ સુરક્ષા છે એક પસંદગી...**
**નહીં કે એક તક...**

**આપની વીજ સુરક્ષાની ચાવી**
**આપના હાથમાં જ છે...**

## વિશ્વાસ કરો
# વીજ સુરક્ષાનો
## નસીબનો નહીં

**ઈ. એલ. સી. બી. લગાવો... વીજ અકસ્માત નિવારો**

UGVCL

**આપણું યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com